Extra No. 190

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **MONDAY, JULY 20, 2026 / ASHADHA 29, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઇ, ૨૦૨૬

ગૃહ વિભાગના તારીખ: ૧૫-મી ઓક્ટોબર, ૨૦૨૫ જાહેરનામા ક્રમાંક: જીએચએમ/૨૦૨૫/૨૧૨/આરડી/એસવીટી/ઇ-ફાઇલ/૧૫/૨૦૨૫/૧૨૬૩/એચ -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Land Revenue Rules, 1972

ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ સુધારવા સંબંધી

જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫-મી ઓક્ટોબર, ૨૦૨૫

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯.

ક્રમાંક: જીએચએમ/૨૦૨૫/૨૧૨/આરડી/એસવીટી/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૫/૧૨૬૩/એચ:- ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઈના ૫-મા)ની કલમ ૧૩૨ સાથે વાંચતા, કલમ ૨૧૪ની પેટા-કલમ (૩) થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨-વધુ સુધારતા અમુક નિયમોનો મુસદ્દો, મહેસૂલ વિભાગના તારીખ: ૭મી ઓગસ્ટ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચએમ/૨૦૨૫/૧૬૦/આરડી/એસવીટી/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૫/૧૨૬૩/એચ. હેઠળ ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ - ૪-બી-માં, પાના ૪૧૮-૧ થી ૪૧૮-૨-માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતાં;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, સરકારને કોઈપણ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (સન ૧૮૭૯ના મુંબઈના ૫-મા)ની કલમ ૧૩૨ સાથે વાંચતા, કલમ ૨૧૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨-માં, નિયમ-૧૯માં, પેટા-નિયમ (૨) પછી, નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ સ્વામિત્વ (SVAMITVA) (ગામોનો સરવે અને ગ્રામ્ય વિસ્તારોમાં સુધારેલી ટેકનોલોજી દ્વારા મેપીંગની) યોજનાના હેતુ માટે, સદરહુ સરવે ફી માંથી મુક્તિ આપવામાં આવશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પ્રેરક. જે. પટેલ,

સરકારના નાયબ સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.08.22 15:45:01 IST